# Visit of External Affairs Minister to Georgia (July 09-10, 2021)

July 08, 2021

---

# વિદેશમંત્રીની જ્યોર્જિયા મુલાકાત (જુલાઈ 09-10, 2021)

જુલાઈ 08, 2021

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર 9-10 જુલાઈ, 2021 દરમિયાન જ્યોર્જિયાના ઉપ-વડાપ્રધાન અને વિદેશમંત્રી મહામહિમ ડેવિડ ઝલકાલિયાની જ્યોર્જિયાની સત્તાવાર મુલાકાત લેશે. સ્વતંત્ર જ્યોર્જિયા ખાતે ભારતીય વિદેશમંત્રીની આ પ્રથમ મુલાકાત હશે.

2. મુલાકાત દરમિયાન વિદેશમંત્રી જ્યોર્જિયાના વિદેશમંત્રી સાથે એક દ્વિપક્ષીય બેઠક યોજશે જેમાં દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસા આવરી લેવાશે તથા પ્રાદેશિક અને વૈશ્વિક હિતના મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરવામાં આવશે. તેઓ મુલાકાત દરમિયાન અન્ય મહાનુભવો સાથે પણ વાત કરે તેવી અપેક્ષા છે.

3. વિદેશમંત્રી જ્યોર્જિયાના સેન્ટ ક્વિન કેટેવનના પવિત્ર અવશેષો જ્યોર્જિયાની સરકાર અને લોકોને સોંપશે. તેઓ તેબિલિસી શહેર ખાતે મહાત્મા ગાંધીની નવી પ્રતિમાનું અનાવરણ કરશે.

4. આ મુલાકાતથી ભારત અને જ્યોર્જિયા વચ્ચે નિકટના અને મૈત્રીપૂર્ણ સંબંધો વધારે મજબૂત બનશે.

**નવી દિલ્હી**
**જુલાઈ 08, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.